HGH INDIA 2018 SM
HOME DECOR ▪▪▪ GIFTS ▪▪▪ HOUSEWARE
JULY 3-5, 2018 MUMBAI, INDIA

NEWS 4

A TEXZONE Event

Where business feels at home!

# ટેક્સટાઇલ પ્રધાન એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮નું ઉદ્‌ઘાટન કરશે

ભારત સરકારનાં આદરણીય ટેક્સટાઇલ પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઇરાની ૩ જુલાઈ, ૨૦૧૮નાં રોજ એચજીએચ ઇન્ડિયાની ૭મી વાર્ષિક એડિશનનું ઉદ્‌ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે, ખાસ કરીને તેમને હોમ ટેક્સટાઇલ અને મેડ-અપ્સ સેક્ટર, હેન્ડિક્રાફ્ટ, કાર્પેટ વેવિંગ, હેન્ડલૂમ વેવિંગ અને ખાદીની વૃદ્ધિ અને વિકાસમાં રસ હોવાની વાતને ધ્યાનમાં રાખીએ, તો આદરણીય પ્રધાન અમારી સાથે હશે એ અમારાં માટે ગર્વની વાત બનશે. આ ક્ષેત્રોની વૃદ્ધિ, વિકાસ અને નિકાસની સુવિધામાં તેમની ભૂમિકા અને તેમનું પ્રદાન જાણીતું છે.

આ પ્રસંગે ગેસ્ટ ઓફ ઑનર ભારત સરકારનાં ટેક્સટાઇલ મંત્રાલયનાં ટેક્સટાઇલ કમિશનર આઇએએસ ડો. કવિતા ગુપ્તા અને ભારત સરકારનાં ટેક્સટાઇલ મંત્રાલયનાં ડેવલપમેન્ટ કમિશનર (હેન્ડિક્રાફ્ટ), આઇએએસ, શ્રી શાંતમનુ હશે.

ઉપરાંત ઉદ્યોગનાં કેટલાંક મહાનુભાવો અને વિવિધ દેશોનાં કોન્સ્યુલેટમાંથી વીઆઇપી, વિવિધ મંત્રાલયોનાં વરિષ્ઠ અધિકારીઓ, સંગઠન અને નિકાસ પ્રોત્સાહન પરિષદોનાં વડા, સંસ્થાઓ અને વ્યક્તિગત સંસ્થાઓનાં વડાઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.



**શ્રીમતી સ્મૃતિ ઝુબિન ઇરાની,**
ભારત સરકારનાં આદરણીય ટેક્સટાઈલ પ્રધાન

પ્રદર્શકો અને મુલાકાતીઓ સાથે એજીએચ ઇન્ડિયાની સંપૂર્ણ ટીમ અત્યાર સુધીનાં સૌથી મોટાં અને આ ટ્રેડ શોની યાદગાર ૭મી એડિશન માટે સારી તૈયારી કરી કરી રહી છે, જ્યાં ૩૦ દેશોમાંથી ૬૦૦થી વધારે ઉત્પાદકો અને બ્રાન્ડ દ્વારા સેંકડો નવાં ઉત્પાદનો અને નવીનતાઓ જાહેર થશે. હોલ ૧માં Transition થીમ હેઠળ ૨૦૧૮-૧૯ માટે એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ ડિઝાઇનની ધારણા પણ રજૂ કરશે.

મુલાકાતીઓની પૂર્વ-નોંધણી માટે સારો પ્રતિસાદ મળ્યો છે, જે ૨૦ જૂન, ૨૦૧૮નાં રોજ બંધ થયો હતો. આ સૂચવે છે કે, ચાલુ વર્ષે ટ્રેડ મુલાકાતીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે, જે ગયા વર્ષે સમગ્ર ભારતનાં ૪૬૨ શહેરો અને નગરોમાંથી ૩૦,૭૦૦ હતી. ચાલુ વર્ષે આંતરરાષ્ટ્રીય મુલાકાતીઓની સંખ્યાઓની નોંધણીમાં પણ વધારો થયો છે, જે એચજીએચ ઇન્ડિયામાં આંતરરાષ્ટ્રીય રસમાં વધારો સૂચવે છે.

---

# ઇન્ડિયન હેરિટેજ

## હેન્ડિક્રાફ્ટ ▪ ખાદી ▪ કોયર ▪ જ્યુટ

ભારત સુંદર ડિઝાઇન અને હેન્ડ ક્રાફ્ટ ઉત્પાદનોનો સમૃદ્ધ વારસો ધરાવે છે, જેનું ઉત્પાદન સદીઓથી કલાકારો, કારીગરો અને વણકરો કરે છે. આ કુશળતાઓ અને કળા હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ પ્રોડક્ટ્સને લાગુ પડે છે, જે ભારતીય ઘરોને સંસ્કૃતિ અને વારસાની વિશિષ્ટ સમજણ ખરાં અર્થમાં પ્રદાન કરી શકે છે.

એચજીએચ ઇન્ડિયા હેન્ડિક્રાફ્ટ, ખાદી, કોયર અને જ્યુટ પ્રોડક્ટ્સનું વિશેષ પ્રમોશન કરે છે, જે ભારતનાં સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનાં તમામ સ્વરૂપનો ભાગ છે. આ વિવિધ રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા કલાકારોની વિવિધ વ્યક્તિગત કંપનીઓ, થીમ પેવેલિયન, ટ્રેન્ડ પેવેલિયન અને ગ્રૂપ પાર્ટિસિપેશન સાથે સરકાર પ્રાયોજિત સંસ્થાઓ અને એજન્સીઓ મારફતે થાય છે.




Indian heritage
HANDICRAFTS | KHADI | COIR | JUTE

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં રિટેલર્સ, સંસ્થાગત અને ગિફ્ટ ખરીદનારા ગ્રાહકો નિયમિત ધોરણે સોર્સિંગ માટે આ વિશિષ્ટ અને વિવિધ ઉત્પાદનો મેળવવાનો મોટો લાભ લઈ શકે છે. તેઓ નિયમિત રેન્જની સાથે તેમનાં સ્ટોર્સમાં વધારાનું વિશિષ્ટ મૂલ્ય મેળવી શકે છે.

આર્કિટેક્ચર, ઇન્ટિરિઅર ડિઝાઇન અને ફેશન જેવા ક્ષેત્રોમાં સુપ્રસિદ્ધ કળા સંસ્થાઓની રચના સંસદનાં વિદ્યાર્થીઓ તૈયાર કરેલ હોમ ટેક્સટાઇલ્સમાં ખાદી અને મેડ-અપ્સની ઉપયોગિતા થીમ પેવેલિયનમાં પ્રસ્તુત કરવામાં આવશે, જે સદીઓથી ભારતનાં સાંસ્કૃતિક ફેબ્રિક ખાદીને હોમ ટેક્સટાઇલનું નવું પાસું પ્રદાન કરશે.

ભારત સરકાર અને વિવિધ રાજ્ય સરકારોની વિવિધ સંસ્થાઓ એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં પ્રદર્શન કરશે.

# હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટમાં નવીન વિવિધતાનું પ્રદર્શન









ભારત સરકારનાં ટેક્સટાઇલ મંત્રાલયનાં ડેવલપમેન્ટ કમિશનર (હેન્ડિક્રાફ્ટ)નાં નેતૃત્વમાં ૨૯ રાજ્યો/કેન્દ્ર સરકારનાં હેન્ડિક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સર્વોચ્ચ સંસ્થા કોહેન્ડ્સ કાઉન્સિલ ઓફ હેન્ડિક્રાફ્ટ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન હેન્ડિક્રાફ્ટ્સના પ્રોત્સાહન માટે હેન્ડિક્રાફ્ટ સંકળાયેલ પાયાની સંસ્થાઓ, બિનસરકારી સંસ્થાઓ, સ્વયંસહાય જૂથો અને લઘુ ઉદ્યોગસાહસિકોને મદદ કરે છે. કોહેન્ડ્સ ૧૦ કલાકારોનાં સહભાગીઓ આયોજિત કર્યું છે, જેમાંથી ઘણાં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા, રાષ્ટ્રીય અને રાજ્ય સરકારનાં એવોર્ડ વિજેતાઓ સંબંધિત કળાઓ છે.

કાશ્મીર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮નું અન્ય પાસું વોલનટ વૂડ કાર્વિંગ, સુશોભિત ભરતકામ ધરાવતાં કર્ટન્સ, કાર્પેટ્સ, લેધરની ચીજવસ્તુઓ અને પશ્મિના શોલ ૮ પ્રદર્શકો મારફતે પ્રસ્તુત થશે.

ઉત્તરાખંડ ક્રાફ્ટની રજૂઆત ડિરેક્ટોરેટ ઓફ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા પ્રસ્તુત થઈ છે, જે રાજ્ય સરકારોએ પોતાનાં બૂથ મારફતે રજૂ કરી છે.

નેશનલ જ્યુટ બોર્ડે શણ ક્ષેત્રની ભાગીદારીનું આયોજન કર્યું છે. ભારત સરકારનાં ટેક્સટાઇલ મંત્રાલય હેઠળ ડેવલપમેન્ટ કમિશનર હેન્ડિક્રાફ્ટ એચજીએચ ઇન્ડિયા પર પ્રદર્શન કરવા કેટલીક સંસ્થાઓ દ્વારા સપોર્ટિંગ પહેલો હાથ ધરી છે.

એમએસએમઇ મંત્રાલય હેઠળ કોયર બોર્ડ ૭ કોયર ઉત્પાદનોનાં ઉત્પાદકોનાં જૂથ લાવે છે, જેમાં ડોર મેટ, મેટ્રેસિસ, વોલ હેંગિંગ્સ વગેરે સહિત કોઇર પ્રોડક્ટની રેન્જ ધરાવે છે.

એનએસસીઆઈ મારફતે એમએસએમઇ મંત્રાલય એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮ મારફતે રાષ્ટ્રીય બજારમાં તેમનાં ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા અને પ્રદર્શિત કરવા લઘુ કક્ષાનાં ઉત્પાદકોને જાળવવા માટે સહાય પણ કરે છે.

આ પ્રયાસો હેન્ડિક્રાફ્ટ્સ, કાર્પેટ, હાથવણાટ, એથનિક અને રિટેલર્સને અન્ય ઉત્પાદનો મોટી વિવિધતા લાવવાનો સહિયારો પ્રયાસ છે. તેઓ એકછત હેઠળ સમગ્ર દેશમાંથી વિસ્તૃત વિવિધતા મંગાવી શકે છે. પ્રદર્શકોનાં પરિપ્રેક્ષ્યથી ૩ દિવસની અંદર ભારતનાં ૪૭૫ શહેરો અને નગરોમાંથી રિટેલર્સ સાથે વ્યવસાય કરવાની વિશિષ્ટ તક છે.



સરકારે ભારતની હેન્ડિક્રાફ્ટ્સ, કાર્પેટ્સ અને હાથવણાટ ક્ષેત્રોને ટેકો કર્યો છે, જે દેશમાં વધારે સામાજિક-આર્થિક મહત્ત્વ ધરાવે છે. આ ક્ષેત્રો કલાકારો, કળા સાથે સંબંધિત વ્યક્તિઓ અને મહિલાઓને મોટી સંખ્યામાં રોજગારી પ્રદાન કરીને સક્ષમ બનાવવાની સાથે આપણાં સમૃદ્ધ સાંસ્કૃતિક અને રચનાત્મક હેરિટેજનું જતન કરવામાં પણ મદદ કરશે.

પ્રસિદ્ધ એક્સ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર હેન્ડિક્રાફ્ટ (ઇપીસીએચ) હેઠળ ૧૦ હેન્ડિક્રાફ્ટ ઉત્પાદકોનું જૂથ પોતાનાં નિકાસ કલેક્શનમાંથી ઉચ્ચ ગુણવત્તાયુક્ત કલેક્શન પ્રસ્તુત કરશે, જે દાયકાઓથી દુનિયાનાં બજારોમાં ભારતનાં નિકાસનાં પ્રોત્સાહનનાં પ્રયાસોમાં અગ્રણી છે.

હેન્ડિક્રાફ્ટ મેગા ક્લસ્ટર મિશન (એચએમસીએમ)એ લખનઉમાંથી ૭ કારીગરો અને ભૂજમાંથી ૭ મેગા ક્લસ્ટરની સહભાગીદારીનું આયોજન કર્યું છે. જ્યારે લખનઉનાં કલાકારો ચિકનકરીમાંથી એમ્બ્રોડરી ધરાવતી વિવિધ ચીજવસ્તુઓ પ્રદર્શિત કરશે, ત્યારે ભૂજમાંથી કલાકારો કચ્છની પ્રસિદ્ધ એમ્બ્રોડરી, લેધર વર્ક, આર્ટ મેટલ વેર, બીડ ક્રાફ્ટ, રોગાન આર્ટ હોમ ટેક્સટાઇલ્સ, હોમ એક્સેસરીઝ અને હાઉસવેર પર પ્રસ્તુત કરશે.


## ટ્રેન્ડ્સ 2018-19

## ટ્રેન્ડ્સ પેવેલિયનની અંદર ઓડિયો ગાઇડેડ ટૂર



મુલાકાતીઓ હોલ ૧માં ટ્રેન્ડ્સ પેવેલિયન પર ફ્રી ઓડિયો ગાઇડેડ ટ્રેન્ડનો લાભ લઈ શકે છે. તમને ટ્રેન્ડ્સ ટીમ ફ્રી હેડફોન આપશે, જે દરેક ટ્રેન્ડ સમજાવવા પ્રી-રેકોર્ડેડ ધરાવે છે. તમે હેડફોન ધારણ કરી શકો છો, કારણ કે તમે દરેક ટ્રેન્ડ થીમમાંથી પસાર થઈ શકો છો અને ઓડિયો સાંભળી શકો છો, ત્યારે તમે ડિસ્પ્લે જોઈ શકો છો, સરળતાથી ઓડિયો ડિસ્ક્રિપ્શન સાથે વિઝ્યુઅલ સાથે જોડાઈ શકો છો.

આ ટ્રેન્ડ વધારે સારી રીતે સમજવા અને તેમનો તમારા વ્યવસાય માટે ઉપયોગ કરવા એજીએચ ઇન્ડિયા ટ્રેન્ડ ટીમ દ્વારા ઉપલબ્ધ આ નિઃશુલ્ક સુવિધાનો લાભ લેજો.




સંપૂર્ણ થીમ Transition હેઠળ, ટ્રેન્ડ્સ ૨૦૧૮-૧૯ને ચાર પેટા-થીમમાં વહેંચવામાં આવી છેઃ 1. #SO.FUNKYatHOME 2. #SOFT SHADES of NATURE 3.#COLLECTOR'S CHAMBER 4.#SMART BOHEMIANS

# એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮: મેળવો ૫૫૦ બ્રાન્ડ્સ અને ઉત્પાદનોમાંથી




## મુલાકાતીઓ માટે સુવિધાઓ

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮માં મુલાકાતીઓ અને પ્રદર્શકોને મુલાકાત લેવા અને રોકાણ માટે સુવિધા અને અનુકૂળતા પ્રદાન કરવા આયોજકોએ કેટલીક સુવિધાઓ ઊભી કરી છે, જેનો ઉપયોગ ટ્રેડ શો અગાઉ અને દરમિયાન થઈ શકશે. તમામ રજિસ્ટર્ડ પ્રદર્શકો અને મુલાકાતીઓ આ સેવાઓનો ઉપયોગ કરી શકે છે, જેમાંથી ઘણી નિ:શુલ્ક છે.

### ફ્રી શટલ બસ સર્વિસ

પ્રદર્શકો અને મુલાકાતીઓની સુવિધા માટે એચજીએચ ઇન્ડિયાએ ટ્રેડ શોનાં સ્થળ તથા મુંબઈ મહાનગરમાં મહત્ત્વપૂર્ણ એન્ટ્રી અને એક્ઝિટ પોઇન્ટ તેમજ રેલવે સ્ટેશનોની નજીકના સ્થળો વચ્ચે ફ્રી શટલ બસ સેવાઓની વ્યવસ્થા કરી છે. તેમાં સ્થાનિક એરપોર્ટ તેમજ સીએસએમટી (મુંબઈ વીટી), મુંબઈ સેન્ટ્રલ, બોરિવલી (પૂર્વ), રામ મંદિર (પૂર્વ), અંધેરી (પૂર્વ) અને દાદર (પૂર્વ) જેવા મુખ્ય રેલવે સ્ટેશનો સામેલ છે. વિવિધ હોટેલમાંથી એચજીએચ ઇન્ડિયા સ્થળ સુધી પણ શટલ બસ ઉપલબ્ધ થશે.

શોની વેબસાઇટ http://www.hghindia.com પર મેનુ Visitors" અથવા Exhibitors માં અપડેટેડ શીડ્યુલ અને ડ્રોપ પોઇન્ટની વિગતો જોવા મળી શકશે. તમને સબ-મેનુ General Facilities અને Reaching the Venue એમ બંને જોવા મળશે, જેમાં આ શીર્ષક હેઠળ શટલ બસ માટે ચેક કરી શકો છો. આ શિડ્યુલ ઇન્ફોર્મેશન ડેસ્ક, બસની અંદર અને સ્થળ પર બોર્ડિંગ પોઇન્ટ પર પણ જોવા મળી શકશે.

### રેસ્ટોરાં/કૅફેટેરિયા

ટ્રેડ શોનાં દિવસો દરમિયાન આયોજકો દ્વારા પીવાનું પાણી નિ:શુલ્ક પૂરું પાડવામાં આવશે. પીવાનું પાણી બોમ્બે એક્ઝિબિશન સેન્ટરની અંદર કૅફેટેરિયા અને રેસ્ટોરાંમાંથી પણ ખરીદી શકાશે.

૩થી ૫ જુલાઈ, ૨૦૧૮ સુધી હોલ ૧, હોલ ૨ અને હોલ ૩ની નજીકનાં વિવિધ સ્થળો પર ટ્રેડ શોનાં દિવસોમાં ફૂડ કાર્ટ, રેસ્ટોરાં અને કૅફેટેરિયા હશે. આઉટડોર કૅફેટેરિયા હોલ ૧ની એન્ટ્રી (ધ ગ્રાન્ડે પછી) સામે ઓર્ચાર્ડ પર કાર્યરત થશે. તમામ પ્રદર્શકો, ટ્રેડ વિઝિટર્સ અને વીઆઇપી માટે આયોજકો દ્વારા સ્થાપિત એક્સક્લૂઝિવ લોન્જ હોસ્પિટાલિટી અને બેવરેજીસ ઉપલબ્ધ હશે.

### હોટેલ રહેણાક

એચજીએચ ઇન્ડિયાએ વિવિધ પ્રકારની બિઝનેસ, લક્ઝરી અને બજેટ હોટેલ્સ સાથે ડિસ્કાઉન્ટેડ રેટ પર વાટાઘાટ કરી હતી, જ્યાંથી એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮નાં સ્થળ બોમ્બે એક્ઝિબિશન સેન્ટર સરળતાપૂર્વક પહોંચાય છે. આ માટે અમારી વેબસાઇટ www.hghindia.com પર 'Travel & Stay' ટેબ પર ક્લિક કરો. આ ટેબમાં એચજીએચ ઇન્ડિયા ૨૦૧૮નાં રજિસ્ટર્ડ પ્રદર્શકો અને મુલાકાતીઓને હોટેલ્સની પ્રોફાઇલ, સ્ટાર રેટિંગ, ઉપલબ્ધતા, કિંમત, સેવાઓ, સ્થળથી અંતર જેવી જાણકારી મળી શકે છે તથા તમારાં લોગિન આઇડી અને પાસવર્ડનો ઉપયોગ કરીને આ પ્રકારની માહિતી મળી શકે છે.

તમે નારાયણ હોસ્પિટાલિટી સર્વિસીસ, ચંદર સેકસરિયાનો સંપર્ક કરી શકો છો, મોબાઇલ: +૯૧ ૭૦ ૫૮૯ ૪૪૪૪૪ અથવા વધારે સહાય મેળવવા ગણેશ શ્રીપતિ મોબાઇલ: +૯૧ ૮૪ ૨૨૮ ૦૦૮૪૫.

### ટ્રાવેલ સર્વિસીસ

એચજીએચ ઇન્ડિયાનાં સત્તાવાર ટ્રાવેલ એજન્ટ નારાયણ હોસ્પિટાલિટી સર્વિસીસ પ્રદર્શકો અને મુલાકાતીઓ માટે વિસ્તૃત ટ્રાવેલ સર્વિસીસ ઓફર કરે છે. તેમાં ડોમેસ્ટિક અને ઇન્ટરનેશનલ એર ટિકિટ, કાર હાયર, હોટેલ રિઝર્વેશન અને પેકેજ ટૂર સામેલ છે, જે સમગ્ર ભારતનાં મુખ્ય પ્રવાસન સ્થળથી મળે છે. તમે અમારી વેબસાઇટ www.highindia.com પર 'Travel & Stay' ટેબ પર ક્લિક કરીને ટ્રાવેલ એજન્ટ સાથે જોડાઈ શકો છો. તમારે તમારું યુઝર નેમ અને પાસવર્ડ ઇનપુટ કરીને આ સેવાઓનો ઉપયોગ કરવાની જરૂર છે, જેથી તમને ઇ-મેલ મળશે અને તમારા મોબાઇલ પર એસએમએસ મારફતે તાત્કાલિક રજિસ્ટ્રેશન મળશે.

એચજીએચ ઇન્ડિયા અધિકૃત ટ્રાવેલ એજન્ટ નારાયણ હોસ્પિટાલિટી સર્વિસીસ દ્વારા મેનેજ થતાં હોલ ૧માં ટ્રાવેલ ડેસ્ક પણ ધરાવશે, જ્યાં પ્રદર્શકો અને મુલાકાતીઓ ૩થી ૫ જુલાઈ, ૨૦૧૮ સુધી પ્રવાસ સંબંધિત તમામ સેવાઓનો લાભ લઈ શકે છે.

છેલ્લી મિનિટે દોડાદોડી અને પ્રતિકૂળતા ટાળવા તમારી હોટેલ્સ બુક કરાવવી અને તમારી પ્રવાસન વ્યવસ્થા અગાઉથી કરવી હિતાવહ છે..

### પાર્કિંગ

બોમ્બે એક્ઝિબિશન સેન્ટરની અંદર પે એન્ડ પાર્ક આધારે મુલાકાતીઓનાં કાર પાર્કિંગ માટે અલગ જગ્યાઓ રાખવામાં આવી છે. આ એરિયાઓની અંદર એન્ટ્રી બોમ્બે એક્ઝિબિશન સેન્ટરનાં ગેટ ૧ અને ગેટ ૨માંથી મળશે. આ સુવિધાનું મેનેજમેન્ટ બોમ્બે એક્ઝિબિશન સેન્ટર કરશે. ટ્રેડ શોનાં મુલાકાતનાં કલાકો દરમિયાન કાર માટે પાર્કિંગ ચાર્જીસ દરરોજ એન્ટ્રીદીઠ રૂ. ૧૦૦/- રહેશે. ગૂડ્સ વ્હિકલ્સને વિઝિટર પાર્કિંગ એરિયામાં પાર્કિંગની મંજૂરી નથી. મુલાકાતીઓ માટે બોમ્બે એક્ઝિબિશન સેન્ટરની અંદર ફ્રી પાર્કિંગની સુવિધા નથી.

### લેફ્ટ લગેજ

મુલાકાતીઓ અને પ્રદર્શકોની અનુકૂળતા માટે એચજીએચ ઇન્ડિયાએ લેફ્ટ લગેજ સુવિધાઓ હોલ ૧ અને હોલ ૩માં વિઝિટર રજિસ્ટ્રેશન નજીક ઊભી કરી છે તથા પ્રદર્શકો આ સુવિધાનો લાભ ટ્રેડ શોનાં દિવસો (૩ જુલાઈથી ૫ જુલાઈ, ૨૦૧૮) દરમિયાન સવારે ૦૯.૦૦થી સાંજનાં ૦૭.૩૦ સુધી નિ:શુલ્ક લઈ શકે છે.

### છત્રીની સેવા

ચોમાસાની સિઝનને ધ્યાનમાં રાખીને અમ્બ્રેલા સર્વિસ ડેસ્ક હોલ ૧, હોલ ૨ અને હોલ ૩ની અંદર પ્રવેશદ્વારા નજીક ઊભું કરવામાં આવ્યું છે. આ પ્રદર્શકો અને મુલાકાતીઓને ટ્રેડ શોની મુલાકાત દરમિયાન છત્રી જાળવવાની સુવિધા મળશે. મુલાકાતીઆને તેમની છત્રીનાં બદલામાં ટોકન આપવામાં આવશે અને સ્થળ છોડતી વખતે તેને કલેક્ટ કરવાની રહેશે. આ સુવિધાનો લાભ ટ્રેડ શોનાં દિવસો (૩ જુલાઈથી ૫ જુલાઈ, ૨૦૧૮) દરમિયાન સવારે ૦૯.૦૦થી સાંજનાં ૦૭.૩૦ સુધી નિ:શુલ્ક લઈ શકે છે.

### કાર હાયર કરવી

પ્રદર્શકો અને મુલાકાતીઓ એચજીએચ ઇન્ડિયાનાં કોઈ પણ દિવસમાં કે સંપૂર્ણ સમયગાળા માટે અર્થતંત્ર અને લક્ઝરી કાર હાયર કરી શકે છે. મુંબઈ ચોમાસાની સિઝન તરીકે જુલાઈમાં આઉટસ્ટેશન પ્રદર્શકો માટે ખાસ કરીને આ સલાહ હોઈ શકે છે,જેથી પ્રદર્શનનાં દિવસો મારફતે ઓછામાં ઓછી એક કાર હાયર થઈ શકે છે.

તમે નારાયણા હોસ્પિટાલિટી સર્વિસીસ,ચંદર સેકસરિયાનો સંપર્કકરી શકો છો, મોબાઇલ: ૭૯૧ ૭૦ ૫૮૯ ૪૪૪૪૪ અથવા વધારે સહાય માટે ગણેશ શ્રીપતિ મોબાઇલ: ૭૯૧ ૮૪ ૨૨૮ ૦૦૮૪૫.

### બિઝનેસ સેન્ટર

હોલ ૧ની અંદર એક બિઝનેસ સેન્ટર ઊભું કરવામાં આવ્યું છે, જ્યાં પ્રદર્શકો અને મુલાકાતીઓ કમ્પ્યુટર, ઇન્ટરનેટ, ડોક્યુમેન્ટ પ્રિન્ટિંગ, બિઝનેસ કાર્ડ પ્રિન્ટિંગ, સ્કેનિંગ, ફેક્સ અને સ્ટેશનરી પર્ચેઝ વગેરે જેવી સુવિધાઓનો લાભ લઈ શકે છે.

These services will be available આ સેવાઓ ટ્રેડ શોનાં દિવસો (૩ જુલાઈથી ૫ જુલાઈ) દરમિયાન સવારે ૯.૦૦થી સાંજનાં -૦૬.૩૦ સુધી ચાર્જેબલ ધોરણે ઉપલબ્ધ થશે.

### કૂરિયર સેવાઓ

પ્રદર્શકો અને મુલાકાતીઓ માટે કૂરિયર સેવાઓ હોલ ૧માં વિઝિટર રજિસ્ટ્રેશન ડેસ્ક નજીક સર્વિસ એરિયામાં સ્થિત હશે. તમે કૂરિયર ડેસ્ક મારફતે કૂરિયર પેકેટ મોકલી શકો છો અથવા મેળવી શકો છો.

### તબીબી સેવાઓ

### (પ્રાથમિક ઉપચાર)

મુલાકાતીઓ અને પ્રદર્શકોનાં સ્વાસ્થ્ય અને સલામતીનાં ઉચિત મહત્ત્વને કારણે એચજીએચ ઇન્ડિયા પ્રાથમિક સારવાર માટે ગોઠવણો અને પ્રાથમિક તબીબી સુવિધાઓ ધરાવે છે. આ પ્રાથમિક ઉપચારનો સંકેત છે અને હોલ ૧માં વિઝિટર રજિસ્ટ્રેશન એરિયા નજીક સ્થિત છે. ટ્રેડ શો દિવસો દરમિયાન પર હોલ ૧ની બહાર ફક્ત એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ થશે.

કોઈ પણ પ્રકારની તાત્કાલિક તબીબી સારવાર માટે કૃપા કરીને
સંપર્ક કરો શ્રીમતી રેશ્મા
મોબાઇલ: ૭૯૧ ૯૮ ૨૦ ૨૮૭૬૩૧

### પ્રાર્થના રુમ

૩થી ૫ જુલાઈ, ૨૦૧૮નાં રોજ ટ્રેડ શોનાં કલાક દરમિયાન ધાર્મિક પ્રાર્થના કરવા ઇચ્છતાં મુલાકાતીઓ અને પ્રદર્શકો માટે હોલ ૧ અને હોલ ૩નાં સંકુલોની અંદર પ્રેયર રુમ ઊભા કરવામાં આવ્યાં છે. સાઇનેજને અનુસરીને કે હોલમાં સ્થિત ઇન્ફોર્મેશન ડેસ્કમાંથી માહિતી મેળવીને ચોક્કસ સ્થળ મેળવી શકાશે.

# ટ્રેન્ડ્સ ૨૦૧૮/૧૯ ■ સોર્સ ■ નવો વ્યવસાય ■ તકો

## મહાનુભાવોની ટિપ્પણીઓ



**ડૉ. કવિતા ગુપ્તા,**
આઈ.એ.એસ. ટેક્સટાઇલ કમિશનર,
ભારત સરકાર

ટ્રેડ શોનાં મુખ્ય અતિથિ ભારત સરકારનાં ટેક્સટાઇલ કમિશનર ડો. કવિતા ગુપ્તાએ ઉદ્ઘાટન કાર્યક્રમમાં કહ્યું હતું કે, - મારું માનવું છે કે એચજીએચ ઇન્ડિયા હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડિકોર, હાઉસવેર અને ગિફ્ટ ઉદ્યોગો માટે ખરેખર સારી કામગીરી કરે છે. આ ટ્રેડ ફેર વિશિષ્ટ વૃદ્ધિકારક છે અને હું અહીં સંપૂર્ણ વાતાવરણમાં જીવંતતા અને ઉત્સાહ જોઉં છું. અહીં ટોચની ૫૦૦ ભારતીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ સારી રીતે પ્રદર્શિત બૂથ સાથે પ્રદર્શન કરે છે. મને ખાતરી છે કે, વેપારી ગ્રાહકો પ્રદર્શનમાં મૂકેલ નવીન અને વિવિધ ઉત્પાદનો સાથે અતિ પ્રભાવિત પણ થશે.



**એચ.ઈ.મિ. અર્ડલ સબરી અર્ગેન,**
કોન્સ્યુલેટ જનરલ ઑફ તુર્કી

ગેસ્ટ ઓફ ઑનર તુર્કીનાં કોન્સ્યુલેટ જનરલ હિઝ એક્સલન્સી શ્રી અર્ડલ સબરી અર્ગેન:- એચજીએચ ઇન્ડિયા અતિ સારી રીતે યોજાતો શો છે. અમે તુર્કીની ૧૬ કંપનીઓ હાઉસવેર સેગમેન્ટમાં અહીં પ્રદર્શન કરીએ છીએ, કારણ કે તુર્કીનાં ઉદ્યોગ માટે બજાર તરીકે ભારત ઊંચી સંભવિતતા ઓફર કરે છે. અમે જોયું છે કે, એચજીએચ ઇન્ડિયા હોમ ટેક્સટાઇલ સેક્શનમાં અતિ પ્રભાવશાળી છે. અગાઉનાં અમારાં અનુભવ સાથે અમે આગામી એચજીએચ ઇન્ડિયામાં વિસ્તૃત હાજરી ઊભી કરીશું, જેમાં હોમ ટેક્સટાઇલની સાથે હાઉસવેર અને હોમ ડિકોર ઉત્પાદનોની રેન્જ જોવા મળશે.

## પ્રદર્શકોની ટિપ્પણીઓ




**દિપાલી ગોએન્કા,**
મેનેજિંગ ડિરેક્ટર,
વેલસ્પન ગ્લોબલ બ્રાન્ડ્સ લિમિટેડ

વેલસ્પન ગ્લોબલ બ્રાન્ડ્સ લિમિટેડનાં મેનેજિંગ ડાયરેક્ટર દિપાલી ગોએન્કા: - એચજીએચ ઇન્ડિયા અત્યારે ઉદ્યોગ માટે અતિ મહત્ત્વપૂર્ણ છે. આ કારણે અમે એચજીએચ ઇન્ડિયા ૨૦૧૭માં અમારી નવી સ્પેસીસનો લોગો લૉંચ કરવાનો અને ઓટોમન/વિન્ટર સિઝન માટે નવું કલેક્શન પ્રસ્તુત કરવાનો નિર્ણય લીધો હતો. આ ટ્રેડ શો અમારી માર્કેટિંગ પ્રક્રિયાનું અભિન્ન અંગ છે અને સ્પેસીસનાં વાર્ષિક કેલેન્ડરમાં મહત્ત્વપૂર્ણ ઇવેન્ટ છે.



**મહાવીર પ્રતાપ શર્મા,**
ચેરમેન,
કાર્પેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ

કાર્પેટ નિકાસ સંવર્ધન પરિષદનાં ચેરમેન મહાવીર પ્રતાપ શર્મા:- કાર્પેટનાં તમામ ભારતીય નિકાસકારોએ બજાર તરીકે ભારત તરફ નજર દોડાવવી પડશે. અમે સહભાગી થવાની શરૂઆત કરી છે ત્યારથી દર વર્ષે અમારાં સભ્યોને પ્રાપ્ત થયેલા પ્રતિસાદમાં વધારો થઈ રહ્યો છે. ભારતમાં ઉપભોક્તા રિટેલ બજારનું ભવિષ્ય ઉજ્જવળ છે અને એચજીએચ ઇન્ડિયા આ સાથે અમારાં જોડાણમાં સારી કામગીરી કરી છે.આ શોએ પોતાનાં માટે વિશિષ્ટ સ્થાન ઊભું કર્યું છે, જ્યાં તમામ ઉત્પાદનો રિટેલર્સ માટે પ્રદર્શિત કર્યાં છે.



**વિજય અગ્રવાલ,**
ચેરમેન, પોર્ટિકો

પોર્ટિકોનાં ચેરમેન વિજય અગ્રવાલ:- દર વર્ષે હું આવું છું અને મને નવાઈ લાગે છે. હું નિયમિત રીતે વિદેશ જાઉં છું અને વિવિધ પ્રદર્શનો જોઉં છું. હું હંમેશા વિચારતો હતો કે ભારતમાં પણ આંતરરાષ્ટ્રીય સ્તરનાં ટ્રેડ ફેર યોજાવા જોઈએ. હવે હું કહી શકું કે, એચજીએચ ઇન્ડિયા આવો જ એક ફેર છે. અમને તેની મુલાકાત લેવાનું અને સહભાગી થવાનો ગર્વ છે. અમારું માનવું છે કે, દેશમાં આ એવો ટ્રેડ શો છે, જ્યાં અમે વેપાર માટે અમારી બ્રાન્ડને ખરેખર પ્રોત્સાહન આપી શકીએ.



**રામચંદ્ર શાસ્ત્રી,**
ડિરેક્ટર, રુમર્સ

રુમોર્સનાં ડિરેક્ટર રામચંદ્ર શાસ્ત્રી:- એચજીએચ ઇન્ડિયામાં રુમોર્સે પ્રથમ વાર ભાગ લીધો છે. આ અમારાં માટે સારો અનુભવ રહ્યો છે. મને એચજીએચ ઇન્ડિયામાં રુમોર્સને લાવવાની ખરેખર ખુશી છે. અહીં મુલાકાતીઓની સંખ્યા ખરેખર પ્રભાવશાળી છે. અહીં વર્તમાન ગ્રાહકોની સાથે ઘણાં નવાં ગ્રાહકો પણ આવ્યાં છે.



**દેવાંગ દલાલ,**
ડિરેક્ટર, બિઆન્કા

બિઆન્કાનાં ડિરેક્ટર દેવાંગ દલાલ:- અમે એચજીએચ ઇન્ડિયામાં વર્ષ ૨૦૧૨માં તેની પ્રથમ એડિશનથી અમારાં ઉત્પાદનો પ્રદર્શિત કરીએ છીએ. અમે દર વર્ષે આ ટ્રેડ શોમાં મુલાકાતીઓની સંખ્યામાં વધારો અનુભવી રહ્યાં છીએ. એચજીએચ ઇન્ડિયાની સફળતામાં વધારો થવાની સાથે અમારાં વેપારમાં પણ વધારો થયો છે. અમને અહીં અદ્ભૂત અનુભવ મળ્યો છે, કારણ કે અમે સમગ્ર ભારતનાં ઘણાં ડિલર્સ, વિતરકો, હોલસેલર્સને મળીએ છીએ, જે અમારાં વ્યવસાય માટે ઘણાં લાભદાયક છે.



**ઇકબાલ પરવાઇઝ,**
કન્સલ્ટન્ટ,
એડવાન્સ, માર્કેટિંગ જીએમબીએચ

એડવાન્સ માર્કેટિંગ જીએમબીએચનાં કન્સલ્ટન્ટ ઇકબાલ પરવાઇઝ: - અમે છેલ્લાં ૩થી ૪ વર્ષથી અહીં આવીએ છીએ અને દર વર્ષે અમને મુલાકાતીઓની સંખ્યા અને હાઇ પ્રોફાઇલ ગ્રાહકોની સંખ્યા જોઈને અચરજ થાય છે. અમને અહીં કેટલાંક રસપ્રદ લોકો અને આંતરરાષ્ટ્રીય રિટેલર્સ પણ મળે છે. એચજીએચ ઇન્ડિયાની સારી બાબત એ છે કે આ સમગ્ર ભારતમાંથી મોટી સંખ્યામાં રિટેલર્સને એકમંચ પર લાવે છે, નહીં તો અતિ નાનાં રિટેલરને વિવિધ બ્રાન્ડને મળવા આટલું મોટું પ્લેટફોર્મ ન મળ્યું હોત.



**સંદીપ તામ્હાણે,**
ઝોનલ સેલ્સ મેનેજર,
ટીટીકે પ્રેસ્ટિજ

ટીટીકે પ્રેસ્ટિજનાં ઝોનલ સેલ્સ મેનેજર સંદીપ તામ્હાને: - અમે પ્રથમ વાર એચજીએચ ઇન્ડિયામાં પ્રદર્શન કર્યું છે અને તેમાં પ્રાપ્ત થયેલા પ્રતિસાદથી ચકિત છીએ. અમારાં નિયમિત ડિલર્સની સાથે સમગ્ર ભારતમાંથી કેટલાંક ઉચ્ચ ગુણવત્તાયુક્ત ડિલર્સે મુલાકાત લીધી હતી. અમને અમારાં બૂથ પર કેટલાંક આંતરરાષ્ટ્રીય ગ્રાહકો પણ મળ્યાં હતાં. આ પ્રતિસાદ જોઈને અમને આશા છે કે આ ટ્રેડ શો અમારાં વ્યવસાય પર સારી સકારાત્મક અસર કરશે. આ પ્રેસ્ટિજ જેવી સુસ્થાપિત બ્રાન્ડ માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ છે.



**અનિલ શર્મા,**
મેનેજર બિઝનેસ ડેવલપમેન્ટ,
ક્લે ક્રાફ્ટ

ક્લે ક્રાફ્ટનાં બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર અનિલ શર્મા: - આ અમારાં માટે અતિ સારું પ્લેટફોર્મ છે. અમને ઘણો સારો વ્યવસાય મળ્યો છે. એચજીએચ ઇન્ડિયાને કારણે અમારું વેચાણ વધ્યું છે. અમે હોટેલિયર્સ અને રેસ્ટોરાંમાંથી વધારે વ્યવસાયો મળ્યો છે. સુપર્બ શો !

## મુલાકાતીઓનાં અભિપ્રાયો



**ગોવિંદ શ્રીખંડે**
મેનેજિંગ ડિરેક્ટર,
શોપર્સ સ્ટોપ

શોપર્સ સ્ટોપનાં મેનેજિંગ ડિરેક્ટર ગોવિંદ શ્રીખાંડે: - ભારતમાં કેટેગરી તરીકે હોમ સારી વૃદ્ધિ કરી રહ્યું છે. ઉપભોક્તાઓ તેમનાં ઘરોને વધારે સુવિધાજનક બનાવવાનું મહત્ત્વ સમજી રહ્યાં હોવાથી ભારતમાં હોમ કેટેગરીમાં વેપાર ઝડપથી વધી રહ્યો છે. વિવિધ બ્રાન્ડ ઉપભોક્તાઓ સુધી પહોંચવા વિવિધ પહેલો લઈ રહી છે. અમારે અમારાં સ્ટોરમાં ઘણી નવી રેન્જ મેળવવા સક્ષમ બનવું પડશે, જે અમને એચજીએચ ઇન્ડિયામાં જોવા મળે છે.



**અજય તલવાર,**
આસિસ્ટન્ટ વાઇસ પ્રેસિડન્ટ-ખરીદી
અને મર્ચન્ડાઇઝિંગ
(નોન ફૂડ) મેક્સ હાયપર માર્કેટ

હાયપર માર્કેટનાં ખરીદી અને મર્ચન્ડાઇઝિંગ વિભાગનાં આસિસ્ટન્ટ વાઇસ પ્રેસિડન્ટ અજય તલવાર: - હું છેલ્લાં ૪થી ૫ વર્ષથી એચજીએચ ઇન્ડિયામાં આવું છું અને મારી ભાગીદારીમાં સતત વધારો થઈ રહ્યો છે. અમને નવા સપ્લાયર્સ અને નવી ચીજવસ્તુઓ મળે છે, જેને માટે અમે હંમેશા નજર દોડાવીએ છીએ. આ ભારતમાં હાઉસવેર માટે સૌથી મોટાં પ્રદર્શનોમાંનું એક પ્રદર્શન છે. અમે અહીં એક જગ્યાએ મોટા ભાગનાં સપ્લાયર્સને મળી શકીએ છીએ.



**ભરત હરિયા,**
માલિક, મહાવીર સ્ટોર

મહાવીર સ્ટોરનાં માલિક ભરત હરિયા:- મેં ઘણાં યુરોપિયન ટ્રેડ શોની મુલાકાત લીધી છે. એચજીએચ ઇન્ડિયા પણ એટલો જ સારો છે. વાતાવરણ અને પ્રદર્શકો ગુણવત્તાયુક્ત છે. એટલે હું અહીં ત્રણ દિવસ જોઈશ-જાણીશ. આ શો ખરેખર સારો છે. અહીં હું એકસાથે ઘણી ચીજવસ્તુઓ મેળવી શકું છું. ઉત્કૃષ્ટ શો !



**સિમોન રોસ્સી,**
સેલ્સ ડિરેક્ટર (એશિયા પેસિફિક),
એલેક્સી એસ.પી.એ

એલેસ્સી એસ.પી.એનાં સેલ્સ ડિરેક્ટર (એશિયા પેસિફિક) સિમોન રોસ્સી: - આ સરસ શો છે. આ સુંદર અને સારી રીતે વિભાજીત છે, જ્યાં તમને ક્યાં જવું અને તમારે જે જોઈએ એ મેળવવાની સ્પષ્ટ દિશા મળે છે. તેનો ઉદ્દેશ ભારતીય બજાર છે, જેનાં પર ભવિષ્ય માટે અમે નજર દોડાવી રહ્યાં છીએ. એચજીએચનો ભાગ બનવાની અને ભારતીય ઉપભોક્તા માટે શ્રેષ્ઠ બ્રાન્ડ બનવાની આ સારી તક છે. અહીં ઘરનાં સુશોભન માટે લોકોમાં ઉત્સાહ છે તથા મેં અમારી રચનાત્મક ટીમ માટે વિકાસની સારી તકો અને ઉત્સાહ જોયો છે.